# ભરૂચ એસટી ડેપો ખાતે સુરતના કેપી ગ્રૂપ દ્વારા ૫૦૦ વૃક્ષ રોપાયા

## રાજ્યભરમાં ૧ લાખ વૃક્ષ રોપવાનો ગ્રૂપનો લક્ષ્યાંક

ભરૂચ, તા.૨૧

સુરતના કેપી ગ્રૂપના ૧ લાખ વૃક્ષો વાવવાના ધ્યેય હેઠળ કેપી ગ્રૂપની સોલારીઝમ ટીમ દ્વારા વધુ ૫૦૦ વૃક્ષો ૧૬મી ઓગસ્ટ ૨૦૧૬ મંગળવારના રોજ ભરૂચ એસટી ડેપો ખાતે રોપવામાં આવ્યા. આ વૃક્ષા રોપણ કાર્યક્રમમાં શ્રી એચ. એન. કેટા સાહેબ (લાયઝનીંગ ઓફિસર) એન. પી. પટેલ સાહેબ (ડીટીઓ), એન. એફ. સીપી સાહેબ (ડેપો મેનેજર,ભરૂચ) , હસમુખભાઈ પરમાર સાહેબ (ટ્રાફિક કંટ્રોલર, ભરૂચ) તથા રેગ્યુલેટરી ડિપાર્ટમેન્ટના વાય. જે. સૈયદ સાહેબ અને સોલારીઝમ તરફ સોહિલભાઈ ડભોયા, સંતોષ સીંધ, જાવેદભાઈ પટેલ તથા વિવેકભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે



(તસ્વીર : ગૌતમ ડોડિયા)

ઉલ્લેખનીય છે કે, કેપી ગ્રૂપની કંપની કેપી એનર્જી લિમીટેડ દ્વારા ગત તા. ૨ જુલાઈ ૨૦૧૬, શનિવારના રોજ મહુવાના કરમદિયા અને જેસરના માતલપર ગામે ૧૦,૦૦૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું.